# ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ

## પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી

### બ્લોક નં.૧૨, પહેલો માળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

# જિલ્લા શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓ (ધોરણ ૧ થી ૫)માં વિદ્યાસહાયક ભરતી અંગેની જાહેરાત વર્ષ ૨૦૧૭-૧૮

જિલ્લા શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓ (ધોરણ ૧ થી ૫ – ગુજરાતી માધ્યમ) માં વિદ્યાસહાયકોની જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા મળેલ માંગણીપત્રક મુજબ ૧૩૦૦ જગ્યાઓ ભરવા માટે મેરીટ યાદી તૈયાર કરવા શિક્ષણ વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૧ ના ઠરાવ અને તા.૦૩/૦૫/૨૦૧૨ તથા તા.૧૮/૦૫/૨૦૧૨ના સુધારા ઠરાવો અન્વયે નિયત કરેલ શૈક્ષણિક તેમજ તાલીમી લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં અરજીઓ ઓન-લાઈન મંગાવવામાં આવે છે. ઉમેદવારે અરજી તા.૦૪/૦૯/૨૦૧૭ થી તા.૧૪/૦૯/૨૦૧૭ દરમ્યાન આ કચેરીની વેબસાઈટ **www.vidyasahayakgujarat.org** ઉપર મુકવામાં આવેલ સુચના મુજબ ઓન-લાઈન કરવાની રહેશે.

| જાહેરાત ક્રમાંક | પ્રકાર | ભરવાપાત્ર કુલ જગ્યાઓ | સામાન્ય | અનુ.જતિ | અનુ.જન જાતિ | સા.શૈ. પછાત વર્ગ | કુલ પૈકી શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો માટે અનામત |
|---|---|---|---|---|---|---|---|
| વિસભ-૦૧/૨૦૧૭-૧૮ પ્રાથમિક વિભાગ (ધોરણ ૧ થી ૫) | ઘટ | ૨૩૨ | ૦ | ૪૭ | ૧૧ | ૧૭૪ | ૧૨ |
| | સામાન્ય | ૧૦૬૮ | ૭૩૩ | ૬૬ | ૪૯ | ૨૨૦ | ૩૧ |
| | કુલ | ૧૩૦૦ | ૭૩૩ | ૧૧૩ | ૬૦ | ૩૯૪ | ૪૩ |

-જિલ્લા શિક્ષણ સમિતિની ભરવાપાત્ર જગ્યાઓની વિગત તથા શૈક્ષણિક લાયકાત, પગાર-ધોરણ, વયમર્યાદા, વય મર્યાદામાં છુટછાટ, સામાન્ય સૂચનાઓ, સ્વીકાર કેન્દ્રોની યાદી અને જરૂરી ઠરાવો ઉપરોક્ત વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.

અરજીપત્રક ઓન-લાઈન ભરવા માટેની સુચનાઓ :

{1} વિદ્યાસહાયક ભરતી અંગેનું ઓન-લાઈન અરજી પત્રક વેબસાઈટ **www.vidyasahayakgujarat.org** ઉપર ઓન-લાઈન તા.૦૪/૦૯/૨૦૧૭ સવારના ૧૧.૦૦ કલાકથી તા.૧૪/૦૯/૨૦૧૭ના રોજ બપોરના ૧૫.૦૦ કલાક સુધી ભરી શકાશે.

{2} **TET-1** પરીક્ષાનો તમારો સીટ નંબર ટાઈપ કરી અને પરીક્ષાની તારીખ પસંદ કરો પછી **CONTINUE** બટન ઉપર ક્લીક કરો જેથી તમારૂ **TET-1 Result** દેખાશે. ત્યાર બાદ **CONTINUE** બટન પર ક્લીક કરતાં અરજી પત્રક ખુલશે.

{3} ઓન-લાઇન ભરેલુ ફોર્મ કમ્પ્યુટર ઉપર **SAVE** કર્યા પછી તે માહિતી ઓન-લાઇન ચકાસી લેવી. ભરેલા ફોર્મમાં કોઈપણ ફેરફાર કરવો હોય તો **EDIT** ની મદદથી ઓન-લાઇન સુધારા કરવા. અરજી **Submit** કર્યા પછી **PRINT** કાઢવી.

{4} અરજી પત્રકમાં નિયત જગ્યાએ ઉમેદવારે સહી કરવી. આ અરજી પત્રક રાજ્યના નક્કી કરેલ સ્વીકાર કેન્દ્ર (સ્વીકાર કેન્દ્રોની યાદી વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે) પર જરૂરી અસલ ગુણપત્રકો/પ્રમાણપત્રો સાથે ચકાસણી કરાવી નિયત કરેલ ફી ભરી સહી કરેલી પહોંચ જરૂરથી મેળવવી અને સ્વીકાર કેન્દ્ર મારફત અરજીપત્રક **Final Submit** કરાવવું. **Final Submit** થયા સિવાયનું કોઈપણ અરજી પત્રક ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

{5} અરજી પત્રક **Final Submit** કર્યા બાદ સ્વીકાર કેન્દ્ર દ્વારા આપવામાં આવેલ પહોંચ મેળવવી અને પસંદગી સમયે પહોંચ અને **Submit** કરેલ ફોર્મની ઝેરોક્ષ નકલ અચુક સાથે લાવવી.

{6} વિદ્યાસહાયક તરીકે પસંદગી પામનાર તમામ ઉમેદવારોને રાજ્ય સરકાર દ્વારા નામદાર સુપ્રિમકોર્ટમાં દાખલ કરેલ એસ.એલ.પી.નં. -૧૪૧૨૪-૧૪૧૨૫/૨૦૧૨ તથા એસ.એલ.પી.નં.૧૮૧૩૬/૨૦૧૩ અને એસ.એલ.પી.નં.૯૯૫૦-૧૦૦૨૧/૨૦૧૨ ના આખરી ચુકાદાને આધિન નિમણૂંક આપવામાં આવશે.

{7} વિદ્યાસહાયકને પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ રૂ.૧૯૯૫૦/- ફિક્સ પગાર શિક્ષણ વિભાગના તા.૦૯/૦૮/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧૨૦૧૭/સીંગલફાઇલ-૫/ક ના ઠરાવ મુજબ મળવાપાત્ર થશે. પાંચ વર્ષના અંતે તેમની સેવાઓ નિમણૂંક સત્તાધિકારીને સંતોષકારક જણાશે તો, સરકારના નિયમાનુસાર જે તે જગ્યા માટે વખતો વખત નિયત કરેલ પગાર ધોરણમાં સમાવવામાં આવશે.

{8} શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧૨૦૧૭/સીંગલ ફાઇલ-૨૩/ક તા.૩૦/૦૮/૨૦૧૭ થી મળેલ મંજૂરી અનુસાર તેમાં દર્શાવેલ શરતો અને જોગવાઇ મુજબ જે તે જિલ્લાના નિયત કરેલ તાલુકાઓમાં વિદ્યાસહાયક ભરતી કરવામાં આવશે. જે તાલુકામાં નિમણૂંક થશે તે જ તાલુકામાં દશ વર્ષ સુધી ફરજ બજાવવાની રહેશે.

{9} કુલ ભરવાપાત્ર જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે ૧૦ ટકા જગ્યાઓ, એચ.એસ.સી.(વિજ્ઞાન પ્રવાહ) ૪૫ **%** ગુણ સાથે પાસ થયેલ ઉમેદવારો માટે ૧૦ ટકા જગ્યાઓ, મહિલા ઉમેદવારો માટે ૩૩ ટકા જગ્યાઓ અને શારીરિક અશક્તતા ધરાવતાં ઉમેદવારો માટે ૩ ટકા જગ્યાઓ અનામત છે.

{10} વયમર્યાદા: પ્રાથમિક વિભાગના વિદ્યાસહાયક માટે તા.૧૪/૦૯/૨૦૧૭ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહી અને ૩૩ વર્ષ કરતાં વધુ હોવી જોઇએ નહીં. મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારો, મહિલા, શારિરીક રીતે અશકતતા ધરાવતા તથા માજી સૈનિકો માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર છે. છુટછાટ સાથેની ઉંમર નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઇએ નહીં.

{11} ઉમેદવારને કોલ લેટરમાં દર્શાવેલ તારીખે જ જિલ્લા પસંદગી આપવામાં આવશે કોઇ પણ સંજોગોમાં તે પછીની તારીખે પસંદગીની તક આપવામાં આવશે નહીં. જિલ્લા પસંદગી માટે ઉમેદવારે જાતે જ હાજર રહેવાનું રહેશે.

{12} યુજીસી માન્ય યુનિવર્સિટી દ્વારા મેળવેલ ડીગ્રી ગ્રાહ્ય રાખવામાં આવશે. રાજ્ય બહારની **Open and Distance Learning** દ્વારા મેળવેલ ડીગ્રી માન્ય ન હોઇ તેવી લાયકાત ગ્રાહ્ય રહેશે નહીં.

{13} એક કરતાં વધુ પ્રયત્ને એચ.એસ.સી/સ્નાતક/પીટીસી ની અંતિમ પરીક્ષા પાસ કરેલ હોય તેવા કિસ્સામાં શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/૦૨/પીઆરઇ/૧૧-૨૦૧૬/ એસએફ-૮/કે, તા.૨૦/૦૧/૨૦૧૭ માં દર્શાવેલ ૮ (૨) મુજબ ગુણ ગણતરી કરી મેરીટ ગણવામાં આવશે.

{14} હાલ જિલ્લા/નગર શિક્ષણ સમિતિમાં નિમ્ન પ્રાથમિક ધોરણ ૧ થી ૫ માં ફરજ બજાવતાં હોય તેવા વિદ્યાસહાયક/શિક્ષક આ ભરતીમાં અરજી કરવા માંગતા હોય તેવા ઉમેદવારોએ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧૨૦૧૭/ સીંગલ ફાઇલ- ૬/ક, તા.૨૨/૦૩/૨૦૧૭ મુજબ નિમણૂંક સત્તાધિકારીનું એન.ઓ.સી. મેળવ્યા બાદ અરજી કરવાની રહેશે. જિલ્લા પસંદગી માટે ઉપસ્થિત રહેનાર એન.ઓ.સી. મેળવનાર ઉમેદવારોએ રાજીનામું મંજૂર કરાવેલ હશે તો જ જિલ્લા પસંદગી માટે પાત્ર ગણાશે. એન.ઓ.સી. મેળવ્યા સિવાય અરજી કર્યાની બાબત સમિતિના ધ્યાન ઉપર આવશે તો અરજી રદ થવાને પાત્ર રહેશે.

{15} જે ઉમેદવાર નોકરી કરે છે તે બાબત છુપાવીને અરજી કરે તેવા કિસ્સામાં હાલની નિમણૂંક રદ કરી તેમની સામે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

{16} ઓનલાઇન ભરેલ અરજી પત્રકની પ્રિન્ટ કરેલી કોપી નક્કી કરેલ સ્વીકાર કેન્દ્ર ઉપર તા.૦૪/૦૯/૨૦૧૭ થી તા.૧૪/૦૯/૨૦૧૭ સુધી (રવિવાર સિવાય) રૂબરૂમાં સવારના ૧૧.૦૦ કલાકથી સાંજના ૫.૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે. ત્યાર બાદ આવેલ અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

{17} સ્વીકાર કેન્દ્ર અથવા ભરતી કાર્યાલયની કચેરીએ ટપાલ કે કુરીયર મારફતે અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. રજૂ થયેલ અરજીપત્રો રદ ગણાશે.

{18} વિદ્યાસહાયક ભરતીની પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાતમાં ફેરફાર કરવાની કે જગ્યાઓની સંખ્યામાં વધ-ઘટ કરવાની આવશ્યકતા જણાશે તો તેમ કરવાનો ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ/પ્રાથમિક શિક્ષણ નિયામકને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે.

{19} અરજીપત્રક ભરતાં પહેલા વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ ઉમેદવાર માટેની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે.

- ❖ અનુ.જાતિ, અનુ.જન જાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે સરકારશ્રીના સા.વ.વિ.ના તા.૨૧/૦૧/૧૯૮૬ તથા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૩/૦૦૨/૧૯૯૪ ઠરાવ અન્વયે જે તે જિલ્લા માટે નિયત કરેલ ટકાવારી મુજબની જગ્યાઓ ભરવામાં આવશે.
- ❖ શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોની જગ્યાઓ સરકારશ્રીના શિક્ષણ વિભાગના જાહેરનામા નં.જીએચ/એસએચ/પીઆરઇ-૧૧૨૦૧૦/એસએફ/૫૪/ક, તા.૨૦/૧૦/૨૦૧૬ની જોગવાઇ મુજબ ભરવામાં આવશે.
- ❖ મહિલા ઉમેદવારો માટે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ ગ-૨(ભાગ-૧) સચિવાલય, ગાંધીનગર તા.૧૧/૧૧/૨૦૧૪ તથા સરકારશ્રીના વખતો વખતના ઠરાવ અને પરિપત્રો મુજબ ભરવામાં આવશે.

❖ સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક: આરઈએસ-૧૦૨૦૦૩-૯૮૭-ગ-૨, તા.૦૭/૦૭/૨૦૦૩ મુજબ કુલ ભરવાપાત્ર જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે ૧૦ ટકા જગ્યાઓ અનામત છે. માજી સૈનિકની જગ્યા જે તે કેટેગરીની જગ્યા સામે સરભર કરવામાં આવશે. જો માજી સૈનિક કેટેગરીમાં લાયક ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તો તે જગ્યાઓ જે તે કેટેગરીના ઉમેદવારોથી ભરવામા આવશે.

❖ કુલ ભરવાપાત્ર જગ્યાઓ પૈકી ૧૦ ટકા જગ્યાઓ એચ.એસ.સી.(વિજ્ઞાન પ્રવાહ) ૪૫ ટકા ગુણ સાથે પાસ થયેલા ઉમેદવારોથી ભરવામાં આવશે. આ લાયકાતવાળા ઉમેદવારો પુરતી સંખ્યામાં ઉપલબ્ધ ન થાય તો બાકી રહેતી જગ્યાઓ વિજ્ઞાન પ્રવાહ સિવાયના એચ.એસ.સી./પી.ટી.સી. ના ઉમેદવારોથી ભરવામાં આવશે.

શૈક્ષણિક લાયકાત:

❖ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆઈ-૧૧૧૦—૨૨૩-ક, તા.૨૭/૦૪/૨૦૧૧ના ઠરાવ તથા તે પછીના તા.૦૩/૦૫/૨૦૧૨ તથા તા.૧૮/૦૫/૨૦૧૨ ના સુધારા ઠરાવો અન્વયે વિદ્યાસહાયકની લાયકાતો નીચે મુજબ છે.

❖ પ્રાથમિક શિક્ષણ (ધોરણ – ૧ થી ૫)ના વિદ્યાસહાયક :

(૧) શૈક્ષણિક લાયકાત:- ઓછામાં ઓછી એચ.એસ.સી. પાસ

(૨) તાલીમી લાયકાત:- (ક) પી.ટી.સી./ડી.ઈએલ.એડ (બે વર્ષ)

અથવા

(ખ) ચાર વર્ષની એલીમેન્ટરી એજ્યુકેશનની ડીગ્રી

(ગ) બે વર્ષનો ડિપ્લોમાં ઈન એજ્યુકેશન (સ્પેશીયલ એજ્યુકેશન)

(૩) આ વર્ગ માટે નિયત થયેલ શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજીબીલીટી ટેસ્ટ- **TET** પ્રાથમિક શિક્ષક) ૬૦ ટકા ગુણ સાથે અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પછાત વર્ગ તથા વિકલાંગના કિસ્સામાં ૫૫ ટકા ગુણ સાથે પાસ કરેલી હોવી જોઈએ.

ઉપર્યુક્ત શૈક્ષણિક લાયકાત ધરાવતાં ઉમેદવાર (૧) પી.ટી.સી./**D.EL.Ed.** ની લાયાકત ધરાવતાં ઉમેદવારોએ ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાયેલી પરીક્ષા પાસ કરેલી હોવી જોઈશે. (૨) ઉમેદવારે પી.ટી.સી./**D.EL.Ed.**/ ચાર વર્ષીય **B.EL.Ed.** ની પરીક્ષા નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજ્યુકેશન દ્વારા માન્ય સંસ્થામાંથી જ પાસ કરેલી હોવી જોઈશે. અને સ્નાતક કક્ષાની ડીગ્રી યુ.જી.સી. દ્વારા માન્ય કરેલ યુનિવર્સિટીમાંથી મેળવેલ હોવી જોઈશે. (૩) બે વર્ષીય **D.Ed** (સ્પેશીયલ એજ્યુકેશન) **Rehabilitation Council of India (RCI)** દ્વારા માન્ય અભ્યાસક્રમને વિચારણામાં લેવામાં આવશે. (૪) બે વર્ષીય **D.Ed** (સ્પેશીયલ એજ્યુકેશન)ની તાલીમી લાયકાત ધરાવતાં ઉમેદવારોએ નિમણૂંક પછી એન.સી.ટી.ઈ. એ માન્ય કરેલ છ માસમાં પ્રાયમરી શિક્ષણની ખાસ તાલીમ મેળવવાની રહેશે. (૫) ઉમેદવારે જો ટેટની પરીક્ષા એક કરતાં વધુ વખત આપેલ હોય તો ઉમેદવાર ટેટ **(TET-I)** ની જે માર્કશીટ રજૂ કરશે તેને માન્ય રાખવામાં આવશે. ચકાસણી દરમ્યાન ટેટ **(TET-I)** ની પરીક્ષાની માહિતી ખોટી રજૂ કરેલ હશે તો ઉમેદવારનું ફોર્મ આપોઆપ રદ થશે. સુધારા ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૧૧-૭૧૧-ક, તા.૦૬/૦૬/૨૦૧૩ મુજબ **TET** પ્રમાણપત્રની અવધિ પાંચ વર્ષની રહેશે.

**પગાર ધોરણ :**

વિદ્યાસહાયકને પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ રૂ.૧૯૯૫૦/- ફિક્સ પગાર શિક્ષણ વિભાગના તા.૦૯/૦૮/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧૨૦૧૭/સીંગલફાઇલ-૫/ક ના ઠરાવ મુજબ મળવાપાત્ર થશે. પાંચ વર્ષના અંતે તેમની સેવાઓ નિમણૂંક સત્તાધિકારીને સંતોષકારક જણાશે તો, સરકારના નિયમાનુસાર જે તે જગ્યા માટે વખતો વખત નિયત કરેલ પગાર ધોરણમાં સમાવવામાં આવશે

**વય મર્યાદા:**

- શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧૧૦/૨૨૩-ભાગ-૨/ક, તા.૨૧/૦૪/૨૦૧૬ મુજબ ઉમેદવારની તા.૧૪/૦૯/૨૦૧૭ના રોજ ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૩ વર્ષ કરતાં વધુ હોવી જોઇએ નહીં.

**વય મર્યાદામાં છુટછાટ:**

- મૂળ ગુજરાતના હોય તેવા અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજિક શૈક્ષણિક રીતે પછાત ઉમેદવારોના કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર પાંચ (૫) વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- સામાન્ય વહીવટ વિભાગના અધિસૂચના ક્રમાંક:જીએસ/૯૭/૧૩/સીઆરઆર/૧૦૯૬/ ૨૨૧૩/ગ-૨, તા.૦૯/૦૪/૧૯૯૭ની જોગવાઇ મુજબ મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં પાંચ (૫) વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- ૪૦ ટકા કે તેથી વધુ શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોને ઉપલી વય મર્યાદામાં દસ (૧૦) વર્ષની વધારાની છુટછાટ આપવામાં આવશે.
- માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જળ, વાયુ અને ભૂમિ આર્મ ફોર્સિસમાં ઓછામાં ઓછા છ (૬) માસની સેવા કરીહોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ/પ્રમાણપત્ર ધરાવતાં હોય તો મળવાપાત્ર ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજોનો સમયગાળો ઉપરાંત ત્રણ(૩) વર્ષ સુધીની છુટછાટ મળશે.
- નોંધ: તમામ કેટેગરીના ઉમેદવારોની ઉપલી વય મર્યાદામાં નિયમોનુસાર છુટછાટ સાથેની ઉંમર કોઇ પણ સંજોગોમાં નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઇશે નહીં.

**સામાન્ય સૂચનાઓ:**

{1} અરજી ફોર્મ સાથે શૈક્ષણિક લાયકાતના જરૂરી તમામ વર્ષ/સેમેસ્ટરના ગુણપત્રકોની એક-એક પ્રમાણિત નકલ તથા અન્ય જરૂરી તમામ પ્રમાણપત્રોની એક-એક પ્રમાણિત નકલ સામેલ કરવાની રહેશે.વધુમાં સ્વીકાર કેન્દ્ર ઉપર અરજી જમા કરાવતી વખતે જેની પ્રમાણિત નકલો અરજી સાથે રજૂ કરી છે. તેના અસલ પ્રમાણપત્રો ખરાઇ કરવા માટે ફરજિયાત રજૂ કરવાના રહેશે.અન્યથા અરજી સ્વીકારવામાં આવશે નહીં.જે પરીક્ષા એક કરતાં વધુ પ્રયત્ને પાસ કરેલ હોય તો તમામ પ્રયત્નોના ગુણપત્રકની નકલો અવશ્ય સામેલ રાખવાની રહેશે.

{2} અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેના સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અવશ્ય સામેલ રાખવાની રહેશે.

**{3}** સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ તેઓએનો "ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી" તે મતલબનું તા.૩૧/૦૩/૨૦૧૭ ના રોજ પુરા થતાં નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ નું સક્ષમ સત્તાધિકારીનું નમુનામાં પ્રમાણપત્ર મેળવી તેની પ્રમાણિત નકલ અરજી સાથે રજૂ કરવાની રહેશે.

**{4}** શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ શારીરિક અશકતતા અંગેના સક્ષમ અધિકારીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે. શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો સ્વતંત્ર રીતે વર્ગ શિક્ષણ કાર્ય કરી શકવા સક્ષમ હોવા જોઈએ.

**{5}** ઉમેદવારે જે સંસ્થામાંથી પી.ટી.સી.ની તાલીમ મેળવી હોય તે સંસ્થાને એન.સી.ટી.ઇ ભોપાલની માન્યતા મળેલ છે તે મતલબનું પ્રમાણપત્ર ( માન્યતા નંબર, તારીખ સહિત) ઉમેદવારે સંબંધિત સંસ્થા પાસેથી મેળવીને રજૂ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર રજૂ ન કરનાર ઉમેદવારનું ફોર્મ આપોઆપ રદ થશે.

**{6}** સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૧૫/૦૭/૨૦૦૮ ના પરીપત્ર નં પીઆરઈ/૧૧૦૮/૮૧૪/ક ની જોગવાઇ મુજબ વિદ્યાસહાયક ભરતીમાં રમત-ગમત પ્રમાણપત્રોના આધારે મળતા ગુણ મેરીટમાં ધ્યાને લેવામાં આવશે નહિ.

**{7}** બિન અનામત ઉમેદવારો માટે અરજી ફી ૨૦૦/- (અંકે રૂપિયા બસ્સો પુરા) તથા અનુ.જાતિ, અનુ.જનજાતિ,સા.શૈ.પછાત વર્ગના ઉમેદવારો માટે અરજી ફી ૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા) રહેશે.જે ઉમેદવારે સ્વીકાર કેન્દ્ર પર રોકડેથી ભરવાના રહેશે.

**{8}** શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/પીઆરઈ/૧૧૨૦૧૦/ એસએફ/૩૪/કે, તા.૨૦/૧૦/૨૦૧૬ અન્વયે હલન-ચલનની ખામી ધરાવતા **(OA, OL, OAL)** અને અલ્પદ્રષ્ટિ **(LV)** ની ખામી ધરાવતા ઉમેદવારોને વિદ્યાસહાયકની ફરજોને અનુરૂપ ગણેલ છે.ઓછી દ્રષ્ટિ એ મોડરટ કક્ષાની ( એટલે કે ૪૦ ટકા કે તેથી વધુ) અશક્તતાવાળા ઉમેદવારો લાયક ગણાશે.

**{9}** વિદ્યાસહાયક ભરતી સંબંધી તમામ સુચનાઓ/વિગતો વખતો-વખત વેબસાઇટ પરથી જોવા મળી શકશે. ઉમેદવારોએ વિદ્યાસહાયક ભરતી અંગેની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સતત વેબસાઇટ જોતા રહેવું

**{10}** અરજી પત્રકમાં તમારો મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો.અને તે નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો જરૂરી છે.

**{11}** ઉમેદવારે તેમના અરજી પત્રકમાં તેમનું ઇ-મેઇલ એડ્રેસ દર્શાવવાનું રહેશે. જેથી અનિવાર્ય સંજોગોમાં જરૂર પડ્યે ઉમેદવારને માહિતી/સુચના મોકલી શકાય.ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી ઇ-મેઇલ જોતા રહેવું.

**{12}** ઉમેદવાર પોતે આખરી પસંદગીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહી.

**{13}** વિદ્યાસહાયક ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવારની નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતો ને આધિન રહેશે.

**{14}** વિદ્યાસહાયક ભરતીની પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાત કોઈપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની કે જગ્યાઓની સંખ્યામાં વધ-ઘટ કરવાની આવશ્યકતા જણાશે તો તેમ કરવાનો ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ/પ્રાથમિક શિક્ષણ નિયામકને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે.

**{15}** પસંદગી યાદી તૈયાર કરવાની ગુણાંકન પધ્ધતિ માટે શિક્ષણ વિભાગનો તા.૨૭/૦૪/૨૦૧૧ નો ઠરાવ તથા તા.૦૩/૦૫/૨૦૧૨ તથા ૧૮/૦૫/૨૦૧૨ ના સુધારા ઠરાવો પણ વેબસાઈટ ઉપર જોવા મળશે.

**{16}** એક કરતાં વધુ પ્રયત્ને પરીક્ષા પાસ કરનાર ઉમેદવારના કિસ્સામાં શિક્ષણ વિભાગના તા.૨૦/૦૧/૨૦૧૭ના જાહેરનામાના ક્રમાંક: જીએચ/એસએચ/૦૨/પીઆરઈ/૧૧-૨૦૧૬/ એસએફ-

૮/કિ ના ૮ (૨) મુજબ ગણતરી કરી અરજીપત્રકમાં ગુણ ભરવાના રહેશે. અને તે મુજબ મેરીટ ગણવામાં આવશે.

**{17}** શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તથા અન્ય પ્રમાણપત્રો માટે તા.૦૪/૦૮/૨૦૧૭ **(CUT-OFF DATE)** ધ્યાને લેવાશે. આ **CUT –OFF DATE** બાદ મેળવેલ કોઈપણ પ્રમાણપત્રો, શૈક્ષણિક લાયકાત ધ્યાને લેવામાં આવશે નહી.

**{18}** ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ ઠરાવો અને નિયમોનો પુરેપુરો અભ્યાસ કરી ઉમેદવારી પત્રક ભરવાનું રહેશે.જે અંગે પાછળથી કોઈ રજૂઆતને ધ્યાને લેવામાં આવશે નહિ

**{19}** ઉમેદવારે ફી ભરી જિલ્લા સ્વીકાર કેન્દ્રમાં જમા કરાવેલ અરજીપત્રની ઝેરોક્ષ નકલ અને ફી ભર્યાની પાવતી પોતાની પાસે સાચવી રાખવાની રહેશે.

**{20}** ફાઈનલ મેરીટ પ્રસિધ્ધ કરવામાં આવે ત્યારે ઉમેદવારે પોતાનું મેરીટ જોઈ તેની એક પ્રિન્ટ કાઢી લેવાની રહેશે.

**{21}** ભરતી સંદર્ભે અથવા મેરીટ સંદર્ભે કોઈ પણ રજૂઆત કરવાની થાય ત્યારે રજૂઆત સાથે અરજીપત્રની નકલ, ફી ભર્યાની પાવતીની નકલ તથા ઉમેદવારનો મેરીટ નંબર અને મેરીટની નકલ અવશ્ય સામેલ કરવાની રહેશે.

**{22}** ભરતી સબંધિત જરૂરી ઠરાવો, માહિતી અને સુચનાઓ વેબસાઈટ ઉપર જોવા મળશે.

<u>અરજી પત્રક ઓન-લાઇન ભરવા માટેની સુચનાઓ:</u>

**{1}** વિદ્યાસહાયક ભરતી અંગેનું ઓન-લાઇન અરજી પત્રક વેબસાઈટ **www.vidyasahayakgujarat.org** ઉપર ઓન-લાઇન તા.૦૪/૦૯/૨૦૧૭ સવારના ૧૧:૦૦ કલાકથી <u>તા.૧૪/૦૯/૨૦૧૭ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાક સુધી</u> ભરી શકાશે.ઓન-લાઇન અરજી ફોર્મ કોઈ પણ કમ્પ્યુટર કે જેની સાથે ઇન્ટરનેટ સુવિધા ઉપલબ્ધ હોય તે ઉપરથી ભરી શકાશે.

**{2}** **TET-I** પરીક્ષાનો તમારો સીટ નંબર ટાઈપ કરી અને પરીક્ષાની તારીખ પસંદ કરો પછી **CONTINUE** બટન ઉપર ક્લીક કરો જેથી તમારું **TET-I Result** દેખાશે.ત્યાર બાદ **CONTINUE** બટન ઉપર ક્લીક કરતાં અરજી પત્રક ખુલશે.

**{3}** અરજી પત્રક ભરતા પહેલા વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ ઉમેદવારમાટેની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે.

**{4}** સ્વીકાર કેન્દ્રની યાદી વેબસાઈટ **www.vidyasahayakgujarat.org** ઉપર મુકવામાં આવેલ છે. ઓન-લાઇન અરજી પત્રકની વિગતો કોલમ મુજબ ક્રમશ: ભરી **Submit** કરી સંપૂર્ણ વિગતો સાથેનું ફોર્મ **PRINT** કરી લેવું.

**{5}** અરજી પત્રકમાં નિયત જગ્યાએ અરજદારે સહી કરવી. આ અરજી પત્રક રાજ્યના નક્કી કરેલ સ્વીકાર કેન્દ્ર ઉપર જરૂરી અસલ ગુણપત્રકો/પ્રમાણપત્રો સાથે ચકાસણી કરાવી, નિયત કરેલ ફી ભરી, સહી કરેલી પહોંચ જરૂરથી મેળવવી, અને સ્વીકાર કેન્દ્ર મારફત અરજી પત્રક **Final Submit** કરાવવું. **Final Submit** થયા સિવાયનું કોઈપણ અરજી પત્રક ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

**{6}** અરજી પત્રક **Final Submit** કર્યા બાદ સ્વીકાર કેન્દ્ર દ્વારા આપવામાં આવેલ પહોંચ સાચવવી,અને પસંદગી સમયે અચુક સાથે લાવવી

{7} સ્વીકાર કેન્દ્ર અથવા ભરતી કાર્યાલયની કચેરીએ ટપાલ કે કુરીયર મારફતે અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. રજૂ થયેલ અરજીપત્રો રદ ગણાશે.

{8} ઓન-લાઇન ભરેલું ફોર્મ કમ્પ્યુટર ઉપર **SAVE** કર્યા પછી તે માહિતી ઓન-લાઇન ચકાસી લેવી.ભરેલા ફોર્મમાં કોઈપણ ફેરફાર કરવો હોય તો **EDIT** ની મદદથી ઓન-લાઇન સુધારા કરવા.તે પછી ફોર્મ **SUBMIT** કરવાનું રહેશે. **SUBMIT** કર્યા પછી ફોર્મમાં કોઇ સુધારો થઇ શકશે નહિ.

{9} ફોર્મ **SUBMIT** કર્યા પછી અરજી પત્રકની પ્રિન્ટ કરેલી કોપી નક્કી કરેલ સ્વીકાર કેન્દ્રો ઉપર તા.૦૪/૦૯/૨૦૧૭ થી તા.૧૪/૦૯/૨૦૧૭ સુધી રૂબરૂમાં સવારના ૧૧:૦૦ કલાકથી સાંજના ૫:૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે. પ્રિન્ટ કરેલા ફોર્મમાં કોઈપણ જાતના સુધારા-વધારા કે છેકછાક કરેલા ફોર્મનો સ્વીકાર કરાશે નહિ. આમ છતાં જો કોઇ સુધારો કરવાની જરૂર જણાય તો કામ-ચલાઉ મેરીટ યાદી પ્રસિધ્ધ થયા બાદ સુધારો કરી શકાશે.

તા. ૦૧/૦૯/૨૦૧૭
સ્થળ:- ગાંધીનગર
જાહેરાત ક્રમાંક. વિસભ:૦૧/૨૦૧૭-૧૮

ડૉ. એમ.આઇ.જોષી
અધ્યક્ષ
ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ
અને પ્રાથમિક શિક્ષણ નિયામક,
ગુજરાત રાજ્ય ગાંધીનગર